Seat No. ________

BACHELOR OF ARTS Examination

BA SEMESTER-3 NOVEMBER 2025 ( NEP ) NOVEMBER - 2025

GUJARATI BHASA SAJJATA : 3

Faculty Code : 001

Subject Code : 23AT-BART-AE-03-03026

RAJ010725511

**Time : 1 Hours]** **[Total Marks : 25**

સૂચના: બધા પ્રશ્નો ફરજિયાત છે.

Q.1 'મનનો ગરીબ એ સાચો ગરીબ,ધનનો ગરીબ તે નહિ' એ ગદ્યસૂક્તિનો વિચાર વિસ્તાર કરો. 10

અથવા

Q.1 બહારથી દેખાય, એટલા ભીતરથી રૂપાળા નથી હોતા, 10

સબંધો બધા તમે માનો છો, તેટલા હુંફાળા નથી હોતા,

ભૂલી જાઓ, કે તમારો સૂર્ય મધ્યાને હતો એક દિવસ,

આથમતા સૂરજના, કઈ બહુ અજવાળા નથી હોતા,

અવગણના થાય, તો આંખ આડા કાન કરજો પ્રેમથી,

એવું ઘર ક્યાં મળે, કે જ્યાં લોહી ઉકાળા નથી હોતા,

અફસોસમાં નીકળી જશે આયખું આખું, એમ ને એમ!

માણો મન ભરી, જિંદગીના દરેક રંગ ધોળા નથી હોતા,

મિત્રો! જીંદગી અને ગણિત ને જોડાશો તો ખાશો ખતા!

લેણદેણ હશે તો લેશો, બાકી શૂન્યના સરવાળા નથી હોતા...

શૂન્ય પાલનપુરી

૧} કાવ્યને શીર્ષક આપો ?

૨) કવિના સંબંધો કેવા નથી ?

૩) કેવાં સૂરજને અજવાળું હોતું નથી ?

૪) કેવી જગ્યાએ આંખ આડા કાન કરવા જોઈએ ?

૫) કવિ શેનું ગણિત જોડવાની ના પાડે છે?

Q.2 રૂઢિપ્રયોગનો અર્થ આપો 10

૧) હાથ કાળા કરવા.
૨) ઈડરિયો ગઢ જીતવો.
૩) કેસરિયાં કરવાં.
૪) ભાંગરો વાટવો.
૫) મોતિયા મરી જવા.

કહેવતોના અર્થ આપો.

૧) ઘરકી મુરઘી દાલ બરાબર.
૨) પગ જોઇને પાથરણું તાણો.
૩) પાણીમાં રહેવું ને મગર સાથે વેર.
૪) વાડ ચીંભડાં ગળે.
૫) ઘર ફૂટયે ઘર જાય.

અથવા

Q.2 'બધા જ રવાનુકારી શબ્દો દ્વિરુક્ત શબ્દો છે પરંતુ બધા જ દ્વિરુક્ત શબ્દો રવાનુકારી શબ્દો નથી'એ વિધાનને આધારે દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દોનો પરિચય કરાવો. 10

Q.3 બહુવિકલ્પ પ્રશ્નનો ઉત્તર આપો. 5

1 ૧) કોઈપણ કાવ્યપંક્તિ કે ગદ્યસૂક્તિનો અર્થ સમજાવવાની પ્રક્રિયાને શું કહેવાય છે ?

અ ) વિચારને ટૂંકાવવો. બ) સારલેખન.
ક) વિચાર વિસ્તાર. ડ ) વિવરણ.

૨) કાવ્યાર્થગ્રહણ એટલે શું ?

અ) કાવ્યનો અર્થ પામવો. બ) કાવ્યનો વિસ્તાર.
ક) કાવ્યનો સાર. ડ) ઉપરોક્ત ત્રણે.

૩) ઊઠાં ભણાવવાં.

અ) પ્રેમ કરવો. બ) છેતરવું.
ક) જોખમમાં પડવું. ડ) નાસી જવું.

૪) કૂવો હવાડો કરવો.

અ) કૂવાની પૂરણી કરવી. બ) કમોતે મરવું.
ક) કંટાળો આપવો. ડ) હવાડો બનાવવો.

૫) લીલા વનના સૂડા ઘણા.

અ) લાભ દેખાય ત્યાં ઘણા આવે. બ) વખાણીયે તે જ ખરાબ નીકળે.
ક) ઓછાં સમયમાં કામ વધારે. ડ) અશક્ય શક્ય ન બને.

RAJ0107255511